(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર –કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામુ આખરી રહેશે ચોકકસ સમજણ–અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

**અનુસૂચિ - આર**

**(જુઓ કલમ 27.1.1)**

**ફી અંગે જાહેરનામું**

**ગુજરાત સરકાર ( GOG )**

**માર્ગ અને મકાન વિભાગ (આર એન્ડ બી ડી )**

**સચિવાલય,ગાંધીનગર**

**નં.ટીઓએલએલ/જીએસઆરડીસી/11-2012/3/પ્રા.**

**તા. ૨૯ /૦૩/૨૦૨૨**

**સરકારી આદેશ :**

ગુજરાત સરકારે ગુજરાત રાજ્યમાં – BOT -બીઓટી-બાંધકામ, સંચાલન, તબદીલના આધારે હાથ ધરાયેલ નાણાં-ધિરાણ,બાંધકામ,નિભાવ અને માળખાના સંચાલન અને અન્ય વિકાસ પ્રાયોજનાઓમાં ખાનગી ક્ષેત્રના સહયોગ માટે વિનિયમન માળખું પૂરું પાડવા માટે ગુજરાત પૂર્વ-જરૂરી માળખા વિકાસ અધિનિયમ,૧૯૯૯(૧૯૯૯નો ગુજરાત અધિનિયમ નં 11) ઘડી કાઢ્યો છે.

૧. ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) એ , તા. ૧૭/૦૯/૨૦૦૮ ના રોજ, ભારત સરકારની નિભાવ ક્ષામતા અંતર ભંડોળ યોજના હેઠળ ગુજરાત રાજયમાં અમદાવાદ-વિરમગામ-માળીયા માર્ગ વિભાગ રાજય ધોરીમાર્ગ નં. ૧૭ અને રાજય ધોરીમાર્ગ નં. ૭ પર ૧૧.૫ કી.મી. થી ૧૯૫.૦૬૫ (સુધારીને કી.મી. ૧૩/૯૩૦ થી ૧૯૪/૬૩૩ કી.મી. કરાયેલ- જુઓ તા. ૨/૪/૨૦૧૨ નો સુધારા નં. ૩) ના ખંડને ચારમાર્ગીય કરવા માટે એલ. એન્ડ ટી અમદાવાદ-માળીયા ટોલ વે પ્રાઈવેટ લિમિટેડ, જેનું નવું નામ એલ એન્ડ ટી અમદાવાદ-માળીયા ટોલ વે લિમીટેડ ( અહી હવે પી જેનો ઉલ્લેખ " કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે.) સાથે, નિર્માણ,સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ કન્સેશનર આ કન્સેશન કરારની જોગવાઈઓને સુસંગત રહીને સમગ્ર કન્સેશન સમયગાળા સુધી આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.

૨. કન્શેસન-કરારની કલમ-3 હેઠળ, આ કન્શેસન-કરારની કલમ 3-1 માં માં નિયત કરેલ કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.

3. કન્શેસન-કરાર અંતર્ગત કન્શેસન-ધારકના હકનો સ્વીકાર કર્યા બાદ હવે ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે કન્શેસન-ધારક અથવા તેમના દ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/ કર્મચારીઓ અહીં નીચે આપેલ ચાર્જને યાદીના ખાના- નંબર-2 માં જણાવેલ વાહનોની સામે ખાના ૪,૫,૬, અને ૭ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નક્કી કરી વસૂલ કરશે,એકત્રિત કરશે, પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

કોષ્ટક- ન -1 માં પ્રત્યેક ટોલપ્લાઝાના સ્થળે આવરી લેવાયેલ સળંગ વિસ્તારની લંબાઈ દર્શાવેલ છે.

(અનુભાગ (૨) અને (૩) માં બે એક્ષલ ટ્રક અને એમ એ વી સિવાય)

| અનુભાગ નું નામ | ટોલપ્લાઝાનું સ્થળ | આવરી લેવાયેલ વિસ્તારની શૃંખલા(કિ.મી.) | કુલ લંબાઈ (કિ.મી.) | પૂરા ન કરાયેલ માર્ગ ઓવરબ્રિજ અને તેના પવેશમાર્ગોના કારણે સૂચિત ઘટાડો(કિ.મી.) | ઘટાડા બાદ કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|---|---|
| સરખેજ – વિરમગામ | ૨૭/૫૪૫ | ૧૩/૯૩૦ થી ૬૧/૪૩૦ | ૪૭.૫૦૦ | - | ૪૭.૫૦૦ |
| વિરમગામ-ધ્રાંગધ્રા | ૮૮/૦૦ | ૬૧/૪૩૦ થી ૧૨૮/૪૩૦ | ૬૭.૦૦ | ૧.૩૬૦ | ૬૫.૬૪૦ |
| ધ્રાંગધ્રા-હળવદ | ૧૩૩/૩૮૮ | ૧૨૮/૪૩૦ થી ૧૫૪/૫૬૮ | ૨૬.૧૩૮ | - | ૨૬.૧૩૮ |
| હળવદ-માળીયા | ૧૮૦/૩૪૫ | ૧૫૪/૫૬૮ થી ૧૯૪/૬૩૩ | ૪૦.૦૬૫ | - | ૪૦.૦૬૫ |
| અમદાવાદ-માળિયા | | | ૧૮૦.૭૦૩ | ૧.૩૬૦ | ૧૭૯.૩૪૩ |

(અનુભાગ (૨) અને (૩) બે એક્ષલ ટ્રક તથા એમ એ વી માટે પુનઃ નિર્ધારિત કર્યા મુજબ )

| અનુભાગ નું નામ | ટોલપ્લાઝાનું સ્થળ | આવરી લેવાયેલ વિસ્તારની શૃંખલા(કિ.મી.) | કુલ લંબાઈ (કિ.મી.) | પુરા ન કરાયેલ માર્ગ ઓવરબ્રિજ અને તેના પ્રવેશમાર્ગોના કારણે સૂચિત ઘટાડો(કિ.મી.) | ઘટાડા બાદ કુલ લંબાઈ (કિ.મી.) |
|---|---|---|---|---|---|
| વિરમગામ - માલવણ | ૮૮/૦૦ | ૬૪/૪૩૦ થી ૯૧/૬૦૦ | ૩૦.૧૭૦ | - | ૩૦.૧૭૦ |
| માલવણ - હળવદ | ૧૩૩/૩૮૮ | ૯૧/૬૦૦ થી ૧૫૪/૫૬૮ | ૬૨.૯૬૮ | ૧.૩૬૦ | ૬૧.૬૦૮ |
| અમદાવાદ-માળિયા | | | ૧૮૦.૭૦૩ | ૧.૩૬૦ | ૧૭૯.૩૪૩ |

**ચાર્જની યાદી**

ગુજરાત રાજ્યમાં રાજ્ય ધોરીમાર્ગ નં-૧૭ અને રાજ્ય ધોરીમાર્ગ નં. – ૭ ના ૬૧/૪૩૦ કિ.મી થી ૧૨૮/૪૩૦ કિ.મી. અને ૧૩/૯૩૦ થી ૧૯૪/૬૩૩ કિ.મી. નો ઉપયોગ કરનાર પાસેથી વસૂલ કરવાની પાયાની ફીના તા.૧લી એપ્રિલ,૨૦૨૨ ના રોજ મુજબ લાગુપડવાપાત્ર દર.

ટોલપ્લાઝા ખાતે વિભાગ/ગો શરૂ થતા હોય ત્યારથી વાણિજ્યિક ધોરણે ચાલુ થાય તે તારીખથી ફી વસૂલ કરવામાં આવશે.

| અનુ. | વાહનનો પ્રકાર | બેઝ (પાયા) ટોલ દર/ ફી (રૂપિયામાં) (વાહન દીઠ એકમાર્ગી સફર માટે ફી ના દર) એપ્રિલ ૨૦૨૨ થી કિલોમીટર દીઠ રૂપિયામાં | વપરાશ દરે આપવાની વાસ્તવિક ફી(એકવાર ના પ્રવાસ માટે વાહન દીઠ) ૧લી એપ્રિલ -૨૦૨૨ મુજબ આ જાહેરનામની કલમ ૭.૨ મુજબ ગણી કાઢેલ છે | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | સરખેજ વિરમગામ માટે | વિરમગામ – ધ્રાંગધ્રા માટે | ધ્રાંગધ્રા - હળવદ માટે | હળવદ-માળીયા માટે | સરખેજ -માળીયા (એકવારના પ્રવાસ માટે વાહન દીઠ) (રૂપીયા માં) | |
| ૧. | કાર/ જીપ | ૧.૩૬૨૭ | ૬૫ | ૮૫ | ૩૫ | ૫૫ | ૨૪૦ | ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક: મુ.મ.સ./૧૦/૨/૦૧૬/ ટો.મુ./ કેબીનેટ/૧૯/ ખા.ક. તા. ૧૨/૮/૨૦૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લાઝા પરથી કાર/ જીપ/ વાન/ દ્વિચક્રીય/ ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ.ટી. બસોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે. |
| ૨. | મીની બસ | ૨.૩૯૦૩ | ૧૧૫ | ૧૫૫ | ૬૦ | ૯૫ | ૪૨૫ | |
| ૩. | બસ | ૪.૭૫૮૨ | ૨૨૫ | ૩૧૦ | ૧૨૫ | ૧૯૦ | ૮૫૦ | |
| ૪. | એલસીવી (LCV) | ૨.૩૯૦૩ | ૧૧૫ | ૧૫૫ | ૬૦ | ૯૫ | ૪૨૫ | |
| ૫. | ડબલ એક્ષલ ટ્રક | ૪.૭૫૮૨ | ૨૨૫ | ૧૪૫ (૩૦.૧૭ કી.મી. માટે) | ૨૯૫ (૬૧.૬૦૮ કી.મી. માટે) | ૧૯૦ | ૮૫૫ | |
| ૬. | એમએવી (MAV) | ૭.૬૬૨૩ | ૩૬૫ | ૨૩૦ (૩૦.૧૭ કી.મી. માટે) | ૪૭૦ (૬૧.૬૦૮ કી.મી. માટે) | ૩૦૫ | ૧૩૭૦ | |

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના (કન્શેસન-કરારમાં જણાવ્યું છે તે પ્રમાણે)નો ઉપયોગ કરનાર વાહનો પર અને ટોલપ્લાઝામાં પ્રવેશી પ્રાયોજના માર્ગ પરથી પસાર થતા વાહનો પર તા. ૦૧/૦૪/૨૦૨૨ ના રોજ સવારે ૦૦.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

૪. નીચે જણાવ્યું છે તે પ્રકારના વાહનોને માર્ગ-કરની ચુકવણીમાંથી મુક્તિ મળશે. કન્શેસન-ધારક એવા વાહનોને માર્ગ-કર ચૂકવ્યા વિના આ સુવિધાનો ઉપયોગ કરવાની છૂટ મળશે.

વીઆઈપી-VIP –નું ચિહ્ન ધરાવતા વાહનો, જે સત્તાવાર , અધિકૃત રીતે ભારતના રાષ્ટ્રપતિ, ભારતના ઉપ-રાષ્ટ્રપતિ, ભારતના વડાપ્રધાન, રાજ્યના રાજ્યપાલ, સંઘપ્રદેશોના લેફ્ટનન્ટ ગવર્નરો, મુખ્યમંત્રીઓ, કેન્દ્ર અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, કેન્દ્ર અને રાજ્યની ધારાસભા કે વિધાનસભાના પ્રમુખ અધિકારીઓ, લોકસભા, રાજ્યસભા અને રાજ્યોની વિધાનસભાના વિરોધપક્ષના નેતાઓ, ભારતની સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયાધીશો, ભારત દેશની મુલાકાતે આવેલ વિદેશી ઉચ્ચ પદાધિકારીઓ, ભારતમાંના વિદેશી મિશનના વડાઓ કે જેઓ CD ચિહ્ન ધરાવતી ગાડી વાપરતા હોય, સંસદ સભ્યો, વિધાનસભાના

સભ્યો, કેન્દ્ર અને રાજ્ય સરકારના વાહનો, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમના અધિકારીઓ, સ્થળને લગતી-સ્થળ સંલગ્ન જવાબદારી અદા કરવા માટે આ પ્રાયોજના ધોરીમાર્ગનો જેમને ઉપયોગ કરવો પડતો હોય તેવી વ્યક્તિઓ, સ્વતંત્ર પરામર્શક અને સશસ્ત્ર દળો,અર્ધ-લશ્કરી દળો સહિત ગણવેશધારી કેન્દ્ર અને રાજ્ય સરકારના દળો, સંરક્ષણ વાહનો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તી ચક્ર, વીર ચક્ર, શૌર્ય ચક્ર જેવા વીરતા એવોર્ડ મેળવનાર વિજેતાઓ સક્ષમ સત્તાધિકારી દ્વારા આ એવોર્ડ અધિકૃત કરતું ઓળખકાર્ડ રજૂ કર્યેથી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પ્રમુખ,અગ્નિશામક વાહન,એમ્બ્યુલન્સ અને કટોકટીની પરિસ્થિતિમાં રાહત કામગીરી કરતા વાહનો.

૫. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચુકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગ કર્તાને નિયંત્રિત કરવાનો અથવાનો આઠ પ્રબંધીત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

૬. વ્યાખ્યાઓ—આ જાહેરનામામાં સંદર્ભથી અન્યથા કહેવાયું હોય તે સિવાય,

(૧) "વાસ્તવિક ફી" એટલે પ્રાયોજના-ધોરીમાર્ગનો દરેક વિભાગ અથવા તેના કોઈ ભાગનો ઉપયોગ કરનાર પાસેથી વસૂલાત કરાતી વાસ્તવિક ફી, જેમાં સચાણા,હળવદ અને ધ્રાંગધ્રા બાયપાસ અને આ જાહેરનામાની યાદીમાં દરેક વિભાગ માટે આપેલ પાયાની ફી લાગુ પડવાપાત્ર છે.

(૨) "વાણિજ્યિક સંચાલન તારીખ"-("COD") એટલે ગુજરાત રાજ્યના રાજ્ય ધોરીમાર્ગ નં.૧૭ અને રાજ્ય ધોરીમાર્ગ નં.૭ના ઉક્ત વિભાગમાં વાણિજ્યિક કામગીરી શરૂ થઈ હોય તે તારીખ, જે તારીખે સ્વતંત્ર ઈજનેરે સત્તાધિકારી અને કન્શેસન-ધારક વચ્ચે કરાર થયો હોય તે કરારની જોગવાઈ મુજબ ઉક્ત રાજ્ય ધોરીમાર્ગના ઉક્ત વિભાગની કામગીરી પૂરી થવા અંગે કાર્ય-સમાપ્તિ પ્રમાણપત્ર અથવા કામચલાઉ પ્રમાણપત્ર આપ્યું હોય.

(3) "સમાપ્તિ તારીખ" એટલે સત્તાતંત્ર અને કન્સેશનર વચ્ચે કરવામાં આવેલા કરારની જોગવાઈઓ અનુસાર ઉકત કરારની મુદત પુરી થાય તે અથવા સમાપ્તિ નોટિસ ધ્વારા કરારની મુદતની પુરી કરવામાં આવે તે તારીખ;

(૪) "સ્થાનિક યાતાયાત/અવરજવર" એટલે આ પરિયોજના ધોરીમાર્ગ ઉપર ખાનગી મોટરગાડી ધ્વારા કરવામાં આવતી અવર-જવર: પરંતુ અહીં શરત એ રહેશે કે (૧) આવી ખાનગી મોટર ગાડીની માલિક વ્યકિત ટોલ પ્લાઝાથી ૧૫ (પંદર ) કિ.મી.ની હદમાં રહેતી હોવી જોઈએ. અને (૨) એ વિસ્તારને જોડતો અન્ય કોઇ રસ્તો ના હોય. શંકાને દૂર કરવા સારુ આવા વિસ્તારને જોડતો માર્ગ એ માટે વૈકલ્પિક માર્ગ ગણાવો ના જોઈએ. જો તેના કારણે પ્રવાસનું અંતર પ્રાયોજના ધોરીમાર્ગ પરના તેને અનુરૂપ અંતરના ૨૦% (વીસ ટકા) થી વધતું હોય.

(૫) "સ્થાનિક વાણિજ્યિક ટ્રાફિક" એટલે ટોલ પ્લાઝા વચ્ચે અને ટોલ પ્લાઝાથી બેમાંથી કોઈપણ દિશામાં ૧૫ કિ.મી. ની હદમાં આવેલા કોઈપણ સ્થળ વચ્ચે મોટરગાડી એલસીવી, બસ અથવા ખટારા ધ્વારા કરવામાં આવતી યથાપ્રસંગ અવર જવર, પરંતુ તેમાં સ્થાનિક યાતાયાત /અવરજવરનો સમાવેશ થશે નહી

(૬) "પુલ/ બ્રિજ " એટલે કન્શેસન-કરાર અંતર્ગત બાંધકામ કરાયેલ ,ચાલુ કરાયેલ અથવા નિભાવ કરાતો હોય તેવો કોઈપણ પુલ,માર્ગ પરનો ઓવરબ્રિજ અથવા અન્ડરબ્રિજ અને આ બધાનો તેમાં સમાવેશ થશે.

(૭) "બસ" એટલે મુસાફરોને લઈ જતું કોઈપણ ઉતારું મોટર-વાહન, જેનું એકંદર વજન ૧૨,૦૦૦ (બાર હજાર) કિ.ગ્રા.થી વધુ હોય.

(૮) "બાહ્યમાર્ગ" એટલે પરિયોજના ધોરીમાર્ગ ઉપરના કન્સેશન કરાર હેઠળ બંધાયેલા, સંચાલિત અથવા જાળવવામાં આવતા હેય તેવા કોઈપણ બાહ્યમાર્ગનો સમાવેશ થાય છે.

(૯) "મોટર ગાડી (કાર)" એટલે તેમાં કોઈપણ મોટર પરિવહન વાહન, મોટર ગાડી (કાર) જીપ, વાન, ઓમની બસ, અથવા એકદંર વાહન વજન ૭૫૦૦(સાત હજાર પાંચસો) કિલોગ્રામથી વધારે ન હોય તેવું ચાર પૈડાંવાળુ મોટર પરિવહન, પરંતુ તેમાં મોટર સાઈકલ, ટ્રેકટર અથવા રોડ રોલરનો સમાવશે થતો નથી.

(૧૦) "કન્શેસન-કરાર" એટલે જીએસારડીસી અને કન્સેશનર વચ્ચે પરિયોજના ધોરીમાર્ગના તેમના ખર્ચે મોજણી, આલેખન, ઈજનેરી કામગીરી, સંપાદન, નાણાં બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન તથા નિભાવ અંગેની કામગીરી કરવા માટે થયેલો કરાર;

(૧૧) " કન્શેસન-ધારક" એટલે જીએસઆરડીસી સાથે કન્શેસન-કરાર કરનાર વ્યક્તિ.

(૧૨) "સરકાર" એટલે ગુજરાત સરકાર.

(૧૩) "એકંદર વાહન વજન" અથવા GVW એટલે કોઈપણ વાહનનું કુલ વજન અને મોટર વાહન અધિનિયમ ,૧૯૮૮ અંતર્ગત પ્રમાણિત કરી નોંધણી કરવામાં આવેલ ભાર.

(૧૪) "MAV અથવા ભારે ખટારા "એટલે ૨૦,૦૦૦ કિલોગ્રામથી વધારે એકંદર વાહન વજન ધરાવતા માલવાહક ખટારા અને તેમાં ત્રણથી છ એકસેલ ધરાવતા ખટારા અને અર્થ મુવર સાધનસામગ્રી નો સમાવેશ થાય છે.

(૧૫) "હળવા વજનનું વાણિજ્યિક વાહન" અથવા LCV એટલે મુસાફરોને લઈ જતું અને માલનું વહન કરતું કોઈપણ માલવાહક વાહન, જેનું એકંદર વજન ૭,૫૦૦ (સાત હજાર પાંચસો) કિ.ગ્રા.થી વધુ હોય, આમાં ટ્રેઈલર સાથેના ટ્રેક્ટરનો સમાવેશ થશે. પરંતુ ટ્રેક્ટર,બસ, ટ્રક કે ભારે ખટારાનો સમાવેશ થશે નહીં.

(૧૬) "પરિયોજના ધોરીમાર્ગ" અથવા "ધોરીમાર્ગ" એટલે કન્શેસન-કરાર અંતર્ગત બાંધકામ કરાયેલ,સંચાલન કરાયેલ અથવા નિભાવ કરાતો હોય તેવો કોઈપણ માર્ગ અથવા બાયપાસ.

(૧૭) "રોડ ઓવરબ્રિજ / અન્ડરબ્રિજ" અથવા **ROB/RUB** એટલે એવા રોડ ઓવરબ્રીજ/અંડરબ્રીજ જે રેલ્વે ટ્રેમ (પાટા) ને ઉપરથી /નીચેથી નીકળતા હોય અને આ કન્સેશન કરાર હેઠળ બંધાયેલા. સંચાલિત થતા અથવા જાળવણી કરવામાં આવતા હોય:

(૧૮) "ટોલ" એટલે આ નિયમો હેઠળ પરિયોજના ધોરીમાર્ગ, બાહ્યમાર્ગ, પુલ, અથવા રોડ ઓવરબ્રિજ/ અંડરબ્રીજઅથવા આર ઓ બી /આર યુ બી નો ઉપયોગ કરનાર દ્વારા ચૂકવવાપાત્ર કિલોમીટર દીઠ ટોલ ચાર્જ.

(૧૯) "ટ્રેક્ટર" એટલે એવું એક મોટર વાહન,જે પોતે આગળ વધારવા અથવા ધકેલવા માટેના સાધન સિવાયનો કોઈ ભારવહન કરવામાટે તૈયાર કરવામાં નથી આવ્યું,પરંતુ આમાં રોડ-રોલરનો સમાવેશ થશે નહીં.

(૨૦) "ખટારો/ ટ્રક" એટલે માલવાહક કોઈપણ વાહન,જેનું એકંદર વજન ૧૨,૦૦૦(બાર હજાર) કિ.ગ્રા.થી વધુ હોય અને તેમાં રોડ-રોલરનો સમાવેશ થશે,પરંતુ ભારે ટ્રક-ખટારાનો સમાવેશ થશે નહીં.

(૨૧) "**જથ્થાબંધ વેચાણ ભાવાંક**"- **WPI**- એટલે ભારત સરકારના ઉધોગ મંત્રાલય ધ્વારા પ્રકાશિત કર્યા પ્રમાણેના તમામ ચીજ-વસ્તુઓ માટેનો જથ્થાબંધ કિંમત સુચકાંક હોય તો તેનો સમાવેશ થશે.

## ૭. માર્ગકરના મૂળભૂત દરોની વાર્ષિક સમીક્ષા :

૭.૧ માર્ગકરના મૂળભૂત દરોમાં, ૧લી એપ્રિલ, ૨૦૦૮ થી શરૂ કરીને સતત ૧૫ (પંદર) વર્ષના સમયગાળા માટે વાર્ષિક ૩ ટકાના દરે વધારો કરવામાં આવશે. ત્રણ ટકાનો પ્રથમ વધારો ૧લી એપ્રિલ, ૨૦૦૮ના રોજ અને છેલ્લો અને પંદરમો વધારો ૧લી એપ્રિલ, ૨૦૨૨ના રોજ કરવામાં આવશે.

**માત્ર ઉદાહરણ :**

૧લી એપ્રિલ, ૨૦૦૮ ના રોજ શરૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ-હાઇવે માટે માર્ગકરનો મૂળભૂત દર કિ.મી. દીઠ ૫૧.૫ પૈસા હશે. (જ્યારે બેઝ ટોલ રેટ- ૦.૫૦ હશે)

૭.૨ ઉપર નિયમ ૭.૧ હેઠળ કરવામાં આવેલા વાર્ષિક સુધારા ઉપરાંત, લાગુપડવાપાત્ર મૂળભૂત માર્ગકર દરોને સમાયોજિત કરીને દર વર્ષે ૧લી એપ્રિલના રોજ એવી રીતે સુધારવામાં આવશે કે જેથી, ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ અને આવો સુધારો હાથ ધરવામાં આવ્યો હોય એ વર્ષની ૧લી જાન્યુઆરી વચ્ચેના WPIનો તફાવત તેમાં પ્રતિબિંબિત થાય. પ્રોજેક્ટ હાઇ-વે માટેનો સુધારો નીચે મુજબ હાથ ધરવામાં આવશે.

(ક) પ્રજેક્ટ હાઇ-વે પૂરો થવાના તરત પહેલાની ૧લી એપ્રિલ ("દર-સુધારાની તારીખ")ના રોજ. નિયમ ૭.૧ હેઠળ લાગુ પડવાપાત્ર માર્ગકરના મૂળભૂત દરોને સમાયોજિત કરીને દર વર્ષે ૧લી એપ્રિલના રોજ એવી રીતે સુધારવામાં આવશે કે જેથી ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ અને આવો સુધારો હાથ ધરવામાં આવ્યો હોય એ વર્ષની ૧લી જાન્યુઆરી વચ્ચેના WPI નો તફાવત તેમાં પ્રતિબિંબિત થાય આવા પ્રોજેક્ટ હાઇ-વેનો ઉપયોગ કરનાર દ્વારા ચૂકવવાપાત્ર મૂળભૂત માર્ગકરનો ચાર્જ નક્કી કરવા માટેની ફોર્મ્યુલા નીચે મુજબ રહેશે.

$$\text{મૂળભૂત માર્ગકર ચાર્જ} = \text{બેઝ ટોલ રેટ} \times \frac{WPI \times A}{WPI \times A}$$

જ્યાં

મૂળભૂત માર્ગકર દર એ પેટા નિયમ (ક)માં નિર્દિષ્ટ કરવામાંઆવેલી દર-સુધારાની તારીખના રોજ લાગુ પડવાપાત્ર મૂળભૂત માર્ગકર છે.

માત્ર ઉદાહરણ :

૧લી એપ્રિલ, ૨૦૦૮ના રોજ શરૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ-હાઇવે માટે, ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ અને ૧લી જાન્યુઆરી, ૨૦૦૮ વચ્ચે WPIમાં ૫ ટકાનો ફુગાદો ધારી લઇએ તો (૧) ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજ મુજબનો મૂળભૂત માર્ગકર દર એટલે કે ૫૧.૫ પૈસા અને (૨) પૈસા ઉપર ૫ ટકાનો ફુગાવો એટલે કે ૨.૫ પૈસાની ગણતરી કરતાં ૧લી એપ્રિલ, ૨૦૦૮ના રોજ માર્ગકરનો ચાર્જ કિ.મી. દીઠ ૫૪ પૈસા થશે.

(ખ)ઉપરના પેટા નિયમ (ક) હેઠળની દર-સુધારાની તારીખ પછીના સમયગાળા માટે, ફુગાવાના કારણે થનારો વાર્ષિક દર-સુધારો, ઉપરના પેટા-નિયમ (ક) હેઠળના દર-સુધારા બાદ થયેલા ફુગાવાના દરના ૪૦ ટકા (ચાળીસ ટકા) સુધી મર્યાદિત રહેશે અને આવો સુધારો દર વર્ષે ૧લી એપ્રિલના રોજ કરવામાં આવશે. પેટા-નિયમ (ખ) હેઠળ માર્ગકર ચાર્જ નક્કી કરવા માટેની ફોર્મ્યુલા નીચે મુજબ રહેશે.

$$\text{માર્ગકર ચાર્જ} = b + (c\text{-}d) + \left(b \times \frac{WPI\text{-}C}{}\right) \times 0.4$$

જ્યાં

b એ ઉપરના પેટા નિયક (ક) મુજબ સંબંધિત પ્રોજેકટ હાઇવે માટે નક્કી કરવામાં આવેલ મૂળભૂત માર્ગકર ચાર્જ છે.

C એ દર-સુધારાના વર્ષની ૧લી એપ્રિલના રોજ મુજબનો મૂળભૂત માર્ગકર દર છે.

d એ ઉપરના પેટા-નિયક (ક) હેઠળ ગણવામાં આવેલા મૂળભૂત માર્ગકર ચાર્જના ભાગરૂપ મૂળભૂત માર્ગકર ચાર્જ છે.

WPI x C એ દર-સુધારાના વર્ષની ૧લી જાન્યુઆરી મુજબનો WPI છે; અને WPI x A એ ઉપરના પેટા-નિયમ (ક) હેઠળ ગણી કાઢવામાં આવલો WPI છે.

માત્ર ઉદાહરણ :

એપ્રિલ, ૨૦૦૮ના રોજ શરૂ કરવામાં આવેલા હાઇ-વે માટે, ૧લી એપ્રિલ, ૨૦૦૯ના રોજ કરવાના વાર્ષિક દર-સુધારાની રકમ (૧) ઉપરના નિયમ ૭.૨ (ક) હેઠળ ૧લી એપ્રિલ, ૨૦૦૮ના રોજ મુજબનો મૂળભૂત માર્ગકર ચાર્જ એટલે કે ૫૪ પૈસા (૨) નિયમ ૭.૧ હેઠળનો ૧.૫ પૈસાનો વાર્ષિક વધારો અને (૩) ૧લી જાન્યુઆરી, ૨૦૦૮ અને ૧લી જાન્યુઆરી, ૨૦૦૯ની વચ્ચે WPIમાં ૫ ટકાનો ફુગાવો ધારી લેતાં, આવા ફુગાવાના ૪૦ ટકા (ચાલીસ ટકા) એટલે કે ઉપર (૧)ના ૨ ટકા (બે ટકા) એટલે કે ૧.૦૮ પૈસા જેટલી હશે. આમ, ૧લી એપ્રિલ, ૨૦૦૯ના રોજ મુજબનો માર્ગકર ચાર્જ કિ.મી. દીઠ ૫૬.૫૮ પૈસા હશે.

અહીં સમાવિષ્ટ કોઇપણ બાબતથી કંઇ વિપરિત હોય તો પણ, કોઇ માર્ગકર ચાર્જીઝ લેવામાં અને ઉઘરાવવામાં આવ્યા હોય તે તારીખથી ૬ (છ) મહિના પૂરા થાય તે પહેલાં માર્ગકર ચાર્જીઝમાં સુધારો કરવાનો થતો હોય ત્યારે, ઉપર જણાવેલા છ મહિના પૂરા થાય ત્યાં સુધી આવો દર-સુધારો સ્થગિત રાખવામાં આવશે.

૭.૩ આ કરારની જોગવાઇઓ અને **અનુસૂચિ-ન** ના નિયમોની જોગવાઇઓથી કંઇ વિપરિત હોય તો પણ, કંસેશન મેળવનારની ભૂલને કારણે બાંધકામનો સમયગાળો વધારવો પડે અને તે કારણે વાણિજ્યિક કામગીરીની તારીખ વિલંબમાં મૂકાય એવા કિસ્સામાં વાર્ષિક ફીમાં સુધારો કરતી વખતે, બાંધકામના સમયગાળાથી લઇને વાણિજ્યિક કામગીરીની તારીખ સુધી, બેઝ ટોલ રેટ્સના વાર્ષિક સુધારામાં થયેલો ૧૦૦ ટકા WPIના વધારાનો તફાવત, આ વધેલા સમયગાળા માટે લાગુ પડવાપાત્ર બનશે નહિ; ઉપર ખંડ ૭.૨ (ખ)માં નિર્દિષ્ટ કરવામાં આવ્યું છે તે મુજબ WPIનો ૪૦ ટકાનો વધારો બાંધકામના આવા વધારવામાં આવેલા સમયગાળા માટે વાર્ષિક સુધારો કરવા માટે લાગુ પડશે.

**૮. ચરમ સમય અને બિન ચરમ સમય માટેનો માર્ગકર ચાર્જ.**

૮.૧ કન્સેશન ધારક, નિર્ધારિત તારીખના પાંચમાં વાર્ષિક દિવસ પછી અને જી.એસ.આર.ડી.સી.ની લિખિત પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ – જે મંજૂરી આપવાનો જી.એસ.આર.ડી.સી. ઇન્કાર કરી શકશે - નિયમ-૮ મુજબ અનુક્રમે ચરમ સમય અને બિન-ચરમ સમય માટે વધુ અથવા ઘટાડેલો તફાવત માર્ગકરણ ચાર્જ) માર્ગકર-ચાર્જ લઇ શકશે.

પરંતુ, આવો તફાવત માર્ગકરણ-ચાર્જ સ્થાનિક વાહન વ્યવહાર અને નિયમ-૧૩ હેઠળ ઓછા માર્ગ-ચાર્જની સુવિધા મેળવતા, અવારનવાર (હાઇ-વેનો) ઉપયોગ કરતા લોકોને લાગુ પડશે નહીં.

૮.૨ આ હેતુ માટે દરેક કન્સેશનર દિવસમાં છ કલાકથી વધુ નહી એટલો સમય ભીડના સમય તરીકે અને તેનાથી બમણો જેટલો સમય ભીડ સિવાયના સમય તરીકે નિર્દિષ્ટ કરી શકાશે. ભીડ ના સમય દરમિયાન, કન્સેશનર લાગુ પાડવા પાત્ર ફીના ૨૫% (પચીસ ટકા) સુધીનું અથવા જીએસઆરડીસીના હુકમ પ્રમાણેનું આવું ઉચું પ્રીમીયમ નકકી કરી શકાશે અને ઉઘરાવી શકશે સાથે સાથે, ભીડ ના સમયે આવું પ્રીમીયમ વસુલતી વખતે આવા કન્સેશનર, ભીડ ના કલાકોના પ્રીમિયમથી બમણા જેટલા દરની છુટ ભીડ સિવાયના સમય માટે આપશે શંકાના નિવારણ માટે તફાવતની ફી નું નિર્ધારણ પરિયોજના ધોરીમાર્ગના ટોલ પ્લાઝા ખાતે ઉપયોગ કર્તાના પ્રવેશના સમયને ધ્યાનમાં લઈને કરવામાં આવશે.

૮.૩ જો તફાવતની ફી નું નિર્ધારણ અને ઉઘરાણી કન્સેશનરના ટોલની આવકના વધારામાં પરિણમશે, તો તફાવત ફી ને કારણે થતી દરેક વર્ષની વધારાની આવકના ૮૦% કન્સેશનર સરકારશ્રી ધ્વારા નિયત કરાતા અલગ ભંડોળમાં જમા કરાવશે અને સંબંધિત કન્સેશન કરાર અન્વયે સરકાર ધ્વારા નકકી કરાતી ઉપ્યોગકર્તાઓ માટેની વધારાની સવલતો ઉભી કરવા વપરાશે આ નિયમ ૮.૩ ના હેતુ માટે તફાવત ફીમાંથી મળતી વધારાની આવક એટલે આ નિયમ-૮ હેઠળ તફાવત ફી લાગુ કરવાનો વિકલ્પ ન સ્વીકારેલ હોત તો લાગુ પાત્ર ટોલ ચાર્જ થી થયેલ કુલ આવક તેમ ગણવાની રહેશે

**૯. વધારાના ટોલ પ્લાઝા :**

કન્સેશન ધારક તેમના વિવેકાધિકારથી, આ નિયમો હેઠળ ચૂકવવાપાત્ર માર્ગકર ચાર્જીઝથી બચવા માટે પ્રોજેકટ હાઇ-વેના પ્રવેશ માર્ગો (અપ્રોચ રોડઝ)નો ઉપયોગ કરતાં વાહનોનું ચેકીંગ કરવાના હેતુથી, પ્રોજેકટ હાઇ-વે ઉપર, માર્ગકર ઉઘરાવવા માટે વધારાના

પોઇન્ટસ અને પ્રવેશ અવરોધો (એન્ટ્રી બેરિયર્સ) ઊભાં કરી શકશે; પરંતુ માર્ગકર ઉઘરાવવા માટેનાં આવાં વધારાનાં પોઇન્ટસ અથવા પ્રવેશ-અવરોધો કોઇપણ ટોલ પ્લાઝાની બાજુએ અલભગ ૧૦ (દસ) કિ.મી.થી વધુ અંતરે ઊભાં કરી શકાશે નહીં.

૧૦. મુક્તિ આપવામાં આવી હોય એવાં વાહનો.

આ અનુસૂચિત/ફી અંગેના જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવ્યાં હોય એવાં વાહનોને માર્ગકર ચુકવવામાંથી મુક્તિ આપવાની રહેશે.

૧૧. સ્થાનિક યાતાયાત/અવરજવર માટે મુકિત.

જે વાહન પરિયોજનાના ભાગનો ઉપયોગ કરતું હોય અને ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેની પાસ.થી કોઈ ચાર્જીસની વસુલાત અથવા ઉઘરાણી કરવાની રહેશે નહિ.

કન્સેશનર, સ્થાનિક યાતાયાત જે દિવસ દરમિયાન એક થી વધારે ટોલ પ્લાઝા પાર કરતું ન હોય તેમના પાસેથી કોઈપણ ચાર્જ વસૂલ કરશે નહીં અને તે પરિયોજના ધોરીમાર્ગ ઉપર અવર જવર કરવા માટે લોકલ પાસ કાઢી આપશે.

કન્સેશન, સ્થાનિક યાતાયાત માટે સબંધિત વાહન, જો તે વાહન પરિયોજના ધોરીમાર્ગ ઉપર એક વખત ફેરો/એપ કરતું હોય તેવા એક ફેરા માટે ચુકવવાપાત્ર ફી થી પાંચ ગણી જેટલી ફી પાસ આપવાના અને સ્થાનિક યાતાયાત /અવરજવરની સંભાળ લેવાના ખર્ચની વસુલાત પેટે વસુલાત કરીએ, સ્થાનિક ઉપયોગ કર્તા, (અ) તહેસિલદાર /નાયબ તહેસિલદાર /તાલુકા વિકાસ અને પંચાયત અધિકારીના રહેઠાણના પ્રમાણપત્ર તરીકેના અથવા પુરાવા અથવા રેશન કાર્ડ અથવા મતદાર ઓળખપત્ર, (બ) આવો પાસ જરૂરી હોય એવી અંગત મોટરગાડીની નોંધણીના કાગળો સાથે લિખિત અરજી કરે તો તેમને માસિક પાસ આપશે. કેવળ સ્થાનિક ઉપયોગકર્તાના નામે નોંધાયેલી મોટરગાડી અને રહેઠાણ ના ઉક્ત પૂરાવામાં નિર્દિષ્ટ સરનામું ધરાવતી ગાડી જ માસિક પાસ માટે પાત્ર ઠરશે, રહેઠાણના પુરાવાઅને નોંધણીના કાગળો રજૂ કર્યેથી કન્સેશનર તેમની એક નકલ રાખશે અને મૂળ દસ્તાવેજો તરતજ પરત કરશે.

૧૨. સેવા માર્ગ (સર્વિસ રોડ)ની જોગવાઇ થયા બાદ.

આ નિયમોમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં, સ્થીનક યાતાયાત/અવરજવર (મોટર સાઈકલ અને ટ્રેકટર) ધ્વારા મફત ઉપયોગ માટે સેવા માર્ગ/સર્વીસ રોડના બાંધકામ થવાની બાબતમાં, આવી અવરજવર મુખ્ય પરિવહન માર્ગ (મેઇન કેરેજવે) ના ઉપયોગ કરવા માટે ફી ની ચુકવણી કરવાપાત્ર ઠરશે.

૧૩. વારંવાર ઉપયોગ કરનારા માટે કન્સેશન / વળતર ફી;

કન્સેશનર કોઈપણ વ્યકિતની વિનંતીથી સબંધિત વાહન પરિયોજના ધોરીમાર્ગ પર એકવાર એકમાર્ગી ફેરો કરવાનું હોય તો તે માટે ચુકવવાપાત્ર ફીના ૧૬૦% (એકસો સાઇઠ ટકા) જેટલી રકમની ચુકવણીથી પરત પાસ (રિટર્ન પાસ ) આપશે.

કન્સેશનર, કોઈપણ વ્યકિતની ૨૦ કે તેથી વધુ એકમાર્ગી ટોલ ટિકિટ આપવા અંગેની વિનંતીથી સંબંધિત વાહન માટે ચુકવવાપાત્ર ફીના ૮૦% (એંશી ટકા) જેટલા રાહત દરે આવી ટિકિટ આપશે, આવી રાહત ટિકિટ-નિર્દિષ્ટ વાહનને એક માસ (કેલેન્ડર માસ) ના ગાળા દરમિયાન કોઈપણ સમયે પરિયોજના ધોરીમાર્ગ ઉપર દરેક એકમાર્ગી ફેરા વખતે એક ટિકિટનો ઉપયોગ કરીને જવા માટે હકદાર ઠરાવશે.

૧૪. ફી ચોરી માટે વધારાનો ચાર્જ;

કોઈપણ વાહન જરૂરી ફીની ચુકવણી વિના પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરે તેવા કિસ્સામાં કન્સેશનર લાગુ પાડવાપાત્રકાયદો અને પરવાનગીઓને આધીન રહીને આવા વાહન અંગેની જરૂરી ફી અને પરિયોજના ધોરીમાર્ગના અનધિકૃત ઉપયોગ કરવાથી પૂર્વનિયુકત પર્વનિર્ધારિત નુકશાન અંગે સમાન રકમ નકકી કરવા અને વસૂલ કરવા હકદાર રહેશે. પરંતુ આવી ફી અને પૂર્વનિયત નુકશાન નિર્ધારણ અને વસુલાત કન્સેશનરના જોખમે અને ખર્ચે કરવાની રહેશે અને જીએસઆરડીસી કોઈ પણ રીતે તે બાબતમાં જવાબદાર ઠરશે નહીં. વધુમાં અતિલાદણ (ઓવર લોડિંગ)ની જાણ થતાં કન્સેશનર આવા વાહનમાંથી વધારાનો વજન દૂર કરાવવામાં ન આવે ત્યાં સુધી વાહનને પરિયોજનાનો ઉપયોગ કરતાં અટકાવશે અને જીએસઆરડીસી, કન્સેશનરના પક્ષો આવા વાહન અથવા આવું વાહન ચલામવતી વ્યકિતની બાબતમાં કોઈ ચૂક અથવા ત્રુટિ માટે જવાબદાર ઠરશે નહિ

૧૫. નિયત કરતાં વધુ ભાર લઇ જતાં (ઓવરલોડેડ) વાહનો માટે વધારાની ફી.

ઉક્ત ખંડ-૧૩ની જોગવાઇઓને અધીન રહીને અને લાગું પાડવાપાત્ર કાયદા હેઠળ ઉભી થયેલી જવાબદારીને બાધ આવ્યા સિવાય, આવા કાયદામાં નિયત કરેલી પરવાનથીપાત્ર મર્યાદાથી વધુ વજન ભરેલા આવા કોઈ વાહનને ચલાવતી કોઈ પણ

વ્યકિતને કન્સેશન, આ પરિયોજના ધોરીમાર્ગ નો ઉપયોગ કરવા દેશે નહીં.સાથે સાથે આવી વ્યકિતએ, આવા ઉપયોગથી પરિયોજનાને નુકશાન, બગાડ થયો હોય તેના બદલામાં વધારાની ફી (એડિશનલ ફી) ની ચુકવણી કરવાની રહેશે. આ વધારાની ફી નીચેના કરતા વધવી જોઈએ નહીં.

(ક) આવા વાહનમાં પરવાનગીપાત્ર વજનથી ૧૦% વધતું હોય તો ફી ના ૫૦% (પચાસ ટકા), પરંતુ પરવાનગીપાત્ર વજનના ૨૦% (વીસ ટકા) થી વધવું જોઈએ નહીં અને

(ખ) આવા વાહનમાં પરવાનગીપાત્ર વજનથી ૨૦% (વીસ ટકા) થી વજન વધતું હોય તો ફી ના ૧૦૦% (સો ટકા)

પરંતુ વધારા ફી કન્સેશનર ધ્વારા દરેક ટોલ પ્લાઝાના માન્યતા પ્રાપ્ત સ્થિર વજન કાંટા (સ્ટાન્ડર્ડ સ્ટેટિક વેઈંગ મશીન), કે જે કન્સેશનરે મુકવાના રહેથી માપીને ખરેખર એકદંર વાહન વજનના આધારે વસુલ કરવાની રહેશે.

વધુમાં, કન્સેશનરે વધારાની ફી નું નિર્ધારણ અને વસુલાતનું નિયમન અને આમલ તેમના જોખમો અને ખર્ચ કરવાના રહેશે અને આવી વધારાની ફીની પૂરેપૂરી અથવા તો તેના ભાગની કોઈપણ કારણસર અથવા તેને લગતી બાબતમાં વસુલાત કરવામાં અક્ષામતા કે નિષ્ફળતાની બાબતમાં જીએસઆરડીસીના સામે કોઈ દાવો કરી શકશે નહીં.

૧૬. ફીના દર દર્શાવવા બાબત.

કન્સેશનર પરિયોજના ધોરીમાર્ગની શરૂઆતમાંઅને ટોલ પ્લાઝાની નજીક, પરિયોજના ધોરીમાર્ગની બંને બાજુથી આવતા ઉપયોગ ઉપયોગકર્તાઓ ની જાણ માટે લાગુ પડતા દર યોગ્ય રીતે દર્શાવશે.

કન્સેશનરે વખતો-વખત લાગુ પાડવા પાત્ર ફી અને તેની ગણતરી અંગે જીએસઆરડીસીને જાણકારી આપવાની રહેશે. આવી માહિતી, ફી જાહેરનામા હેઠળ અને તેને અનેસાર ફીની સુધારણાની દિવસથી ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલાં જણાવવાની રહેશે..

કન્સેશનરે, આ ફી જાહેરનામા હેઠળ ચુકવવાપાત્ર ફી ના દરથી વધુ રકમનો કોઈ સુધારો, પ્રદર્શન અથવા છસુલાત કરશે નહીં.કન્સેશનરે અથવા તેમના વતી વધારાની રકમો વસુલ કરવામાં આવી હોય તેવા કિસ્સામાં, તેમને જીએસઆરડીસીની આવા મતલબની નોટીસ મળતાં જીએસઆરડીસીને આવી વધારાની રકમ તેના ૨૫% (પચીસ ટકા ) જેટલા નુકશાન સાથે રિફંડ (પરત)કરવાની રહેશે.

ફી ના દર, ફીની ચુકવણીમાંથી મુકિત આપવામાં આવી હોય તો તેવાં વાહનોની કક્ષાા અને કોઈ ફરિયાદ હોય તો, જે કન્સેશનરને ફરીયાદ કરવાની હોય તે કન્સેશનરનું નામ, સરનામુ અને ટલિફોન નંબર, ટોલ બુથની પહેલા ૫૦૦ મીટર ટોલ બુથની પહેલાં ૧૦૦ મીટર અને ટોલ બુથ ખાતે પણ તરત નજરે ચડે તેમ અને આગળ પડતા ભાગે સરળ બની રહે અને આવા બોર્ડ અંગ્રેજી, હિન્દી અને આ અનુભાગ જે વિસ્તારમાં આવતો હોય તે વિસ્તારની પ્રાદેશિક ભાષામાં સુવાચ્ય રીતે લખાયેલા હોવા જોઈએ.

૧૭. ટોલ ચારગએને પૂરા/ આખા અંકમાં તબદીલ કરવા;

આ નિયમો હેઠળ વસૂલવાના માર્ગકર ચાર્જીઝને સૌથી નજીકના પાંચ રૂપિયામાં તબદીલ કરવામાં આવશે.

૧૮. કન્સેશનર, ફી વસુલાતના પ્રભારી તરીકે એક અધિકારીની નિયુકિત કરશે. કન્સેશનર અને ઉકત અધિકારી પણ સમંત થયેલા વધુ દરે ફી વસુલ કરવામાં આવતી નથી અને માર્ગના ઉપયોગ કર્તાઓને માટે અકારણ મુશ્કેલી ઉભી કર્યા વિના સરળતાથી વસૂલ કરવામાં આવે છે અને તે સાથે સંકળાયેલી તમામ બાબતોની ખાતરી કરવા જવાબદાર છે.

૧૯. કન્સેશનર, આ જાહેરનામાનો સાર અને કન્સેશન કરારમાં જોગવાઈ કયરા પ્રમાણે વારંવાર ઉપયોગ કરનારા માટે છુટછાટના દરની યોજના અને આ જાહેરનામાની જોગવાઈ પ્રમાણે વાણિજિયક સંચાલનની તારીખ સાથે બે સ્થાનિક વર્તમાનપત્રોમાં (જેમાનું એક સ્થાનિક ભાષાનું રહેશ.) પ્રસિદ્ધ કરશે. આ જાહેરનામા અનુસાર સુધારેલી ફીને અમલમાં મુકતા પહેલાં આવા સારનું પુનરાવર્તન કરવાનું રહેશે..

૨૦. અનઅધિકૃત વસૂલાત

કન્સેશનર, કોઈ વ્યિકત પાસેથી મળવાપત્ર ન હોય અને અહીં ચુકવવાપાત્ર ન હોય એવી રકમ વસુલ કરે તેવા કિસ્સામાં કન્સેશનર, આવી રીતે વસૂલ કરેલી રકમ ઉપર વસુલાતની તારીખથી રકમ પરત કર્યાની તારીખ સુધી દરેક દિવસ દીઠ ૩% (ત્રણ ટકા) ની રકમ સહિત આવી વ્યકિતને નુકશાની ઉપાય તરીકે તરત જ પરત કરવા જવાબદાર રહેશે. ઉપર જણાવેલી રીતે નુકશાન સહિત ગણવામાં આવેલી રકમ આવી વ્યક્તિને કોઈપણ કારણસર ચુકવવામાં ન આવે તેવા કિસ્સામાં તે રકમ વસૂલાતની તારીખથી ૧૫ (પંદર) દિવસમાં જીએસઆરડીસી ખાતે જમા કરવાની રહેશે.

નિયમ ૨૦ હેઠળ કન્સેશનરે ચુકવવાની રકમને લગતા કોઈપણ વિવાદનું નિરાકરણ જીએસઆરડીસી ધ્વારા કરવામાં આવશે.

ટોલની વસૂલાત અંગેની બાબતમાં કોઈ વ્યીકત નારાજ થાય તો તે જીએસઆરડીસીને ફરિયાદ કરી શકે. જીએસઆરડીસી આવી ફરિયાદ અંગે ૧૫ (પંદર) દિવસની મુદતમાં આદેશો આપશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ . એન મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના :

1. વહીવટી નિયામક, જી.એસ.આર.ડી.સી. – ગાંધીનગર
2. કલેકટર, અમદાવાદ જિલ્લો
3. કલેકટર, સુરેન્દ્રનગર જિલ્લો
4. કલેકટર, મોરબી જિલ્લો
5. જિલ્લા પોલીસ અધીક્ષક, અમદાવાદ
6. જિલ્લા પોલીસ અધીક્ષક, સુરેન્દ્રનગર જિલ્લો
7. જિલ્લા પોલીસ અધીક્ષક, મોરબી જિલ્લો
8. એકઝીકયુટીવ એન્જીનીયર, મા. અને મ. પ્રભાગ, અમદાવાદ.
9. એકઝીકયુટીવ એન્જીનીયર, મા. અને મ. પ્રભાગ, સુરેન્દ્રનગર.
10. એકઝીકયુટીવ એન્જીનીયર, મા. અને મ. પ્રભાગ, મોરબી
11. એલ એન્ડ ટી અમદાવાદ- માળિયા ટોલ-વે લિમિટેડ.
12. પ્રાઈવેટાંઈજેસન બ્રાન્ચ આર એન્ડ બી ગાંધીનગર.